# 3. ભારતનું બંધારણ

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :

#### 1) બંધારણ એટલે શું ?

- દેશનો વહીવટ વ્યવસ્થિત ચલાવવા માટે બનાવેલા નિયમોને 'બંધારણ' કહે છે.
- બંધારણ ચોક્કસ સિદ્ધાંતો, ધ્યેયો અને આદર્શોને આધારે બનાવવામાં આવે છે. બંધારણ લેખિત કે અલેખિત સ્વરૂપનું હોય છે. તે પ્રજા દ્વારા ચુંટાયેલા પ્રતિનિધિઓએ ઘડેલું હોવું જોઈએ.
- બ6ધારણથી અનેક ઉદેશો સિદ્ધ થાય છે. બંધારણ એ આદર્શોને સૂત્રબદ્ધ કરતો દસ્તાવેજ છે. બંધારણ દ્વારા દેશની સરકારનો પ્રકાર અને શાસનપદ્ધતિ નક્કી થાય છે.

#### 2) ભારતના બંધારણના મુખ્ય ઘડવૈયા કોણ કોણ હતા ?

- ભારતના બંધારણના મુખ્ય ઘડવૈયાઓમાં જવાહરલાલ નહેરૂં, ડૉ. રાજેન્દ્રપ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, મોલાના અબુલ કલામ આઝાદ, શ્યામાપ્રસાદ મુખર્જી, સરદાર બલદેવસિઘ વગેરે રાષ્ટ્રીય નેતાઓ હતા. આ ઉપરાંત, બંધારણસભામાં અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર, ડૉ.ભીમરાવ આંબેડકર, ડૉ. કનૈયાલાલ એમ. મુનશી વગેરે બંધારણીય નિષ્ણાતો હતા.
- તેમાં ઍંગ્લો-ઇન્ડિયનોના પ્રતિનિધિ તરીકે ફ્રેન્ક ઍન્થની અને પારસીઓના પ્રતીનિધિ તરીકે એચ. પી. મોદી હતા.
- તેમાં સ્ત્રી-સભ્યો તરીકે સરોજિની નાયડુ અને વિજયાલક્ષ્મી પંડિત હતાં
- બંધારણસભાના અધ્યક્ષ તરીકે ડૉ.રાજેન્દ્રપ્રસાદને ચુંટવામાં આવ્યા હતા. બંધારણનો મુસદ્દો તૈયાર માટે બંધારણસભાએ ડૉ.ભીમરાવ આંબેડકરના અધ્યક્ષપદે ખરદા સમિતિની રચના કરી હતી.

#### 3) આપણા બંધારણની મુખ્ય વિશેષતાઓ કઈ કઈ છે ?

- આપના બંધારણની મુખ્ય વિશેષતાઓ :
- લોકશાહી શાસનપદ્ધતિ,
- ધર્મનિરપેક્ષતા,
- પ્રજાસત્તાક રાજ્અ,
- પ્રજાનું સાર્વભૌમત્વ
- સમાજવાદી સમાજરચના

- લેખિત બંધારણ

**4) કોઈ પણ દેશને બંધારણની શા માટે જરૂરિયાત છે ?**

- બંધારણ વિના કોઈ પણ દેશનો રાજ્યવહીવટ ચાલી શકે નહી.
- બંધારણ વિના દેશના શાસનની કલ્પના પણ થઈ શકે નહી.
- બંધારણ દ્વારા જ દેશની સરકારનું સ્વરૂપ અને તેની શાસનપદ્ધતિ નક્કી થાય છે.
- બંધારનથી અનેક ઉદ્દીશો સિદ્ધ થઈ શકે છે. બંધારણ મૂલ્યો અને આદર્શોને સૂત્રબદ્ધ કરતો દસ્તાવેજ છે.
- પ્રજાએ ચુંટેલા પ્રતિનિધિઓ બંધારણ અનુસાર શાસનતંત્ર ચલાવે છે.
- તેઓ સત્તાનો દુરુપયોગ ન કરે એ માટે બંધારણમાં નિયમો બનાવેલા હોય છે

**5) ભારતદેશને શા માટે 'પ્રજાસત્તાક દેશ' કહેવામાં આવે છે ?**

- ભારતદેશમાં સરકારને સરકારને લોકો પાસેથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સત્તા પ્રાપ્ત થાય છે. તેથી ભારત પ્રજાસત્તા લોકશાહી દેશ કહેવાય છે.
- દેશનું શાસનતંત્ર કઈ વિશિષ્ટ વર્ગના હાથમાં નથી. રાજ્યવહીવટના તમામ હોદ્દાઓ ધર્મ, જાતિ કે સ્ત્રી-પુરુષના ભેદભાવ વિના દરેક માટે ખૂલ્લા છે.
- ભારતની પ્રજા ચુંટણી દ્વારા કોઈ પણ સરકારને પદભ્રષ્ટ કરી, નવી સરકાર રચવાની સાર્વભૌમ સત્તા ધરાવે છે. આથી ભારતદેશને ;પ્રજાસત્તાક દેશ' કહેવામાં આવે છે.

**6) બંધારણનો અમલ ક્યારથી કરવામાં આવ્યો ?**

- બંધારણનો અમલ 26 જાન્યુઆરી, 1950 ના દિવસથી કરવામાં આવ્યો

## 2. ખાલી જગ્યા પૂરો :

**1) આપણા બંધારણની શરૂઆત .......... થી થાય છે.**

- (આમુખ)

**2) બંધારણસભાના અધ્યક્ષ .............. હતા.**

- (ડૉ. રાજેન્દ્રપ્રસાદ)

**3) ભારતે .............. શાસનપદ્ધતિ અપનાવી છે.**

- (લોકશાહી)

4) આપણા દેશમાં દર ............... વર્ષે સામાન્ય ચુંટણીઓ યોજાય છે

- (પાંચ)

3. મને ઓળખો :

1) હું એક સંઘરાજ્ય છું.

- ભારત

2) હું રાજ્યનો બંધારણીય વડો છું.

- રાષ્ટ્રપ્રમુખ

3) મારા વગર કોઈ દેશનું શાસન ચાલી શકે નહી.

- બંધારણ

4) હું ગણતંત્ર દિન છું.

- 26 જાન્યુઆરી

5) બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ તરીકે મારી પસંદગી થઈ હતી.

- ડૉ.બી. આર. આંબેડકર